સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

99789-26251

ગમે તેવા માંદા માં ય જોશ મૂછાળો લાવી દે છે,
ખાડે જતા જીડીપીમાં ગુજ્જુ ઉછાળો લાવી દે છે.
કરી દે ઉપાડો પાથરી આંકડાની ઇન્દ્રજાળ -
એક ફૂંકે કરંડિયામાં પણ, ફૂંફાડો લાવી દે !
(શ્રી અઢીયાની કમાલની કરામત)

હાઈકુ

થૂલી થી પણ -
બનાવી દે લાપસી-
ગુજ્જુ રસોયો...

કરી શકે યે,
અઢીયા, ઊંચો-નીચો -
જીડીપી પણ...

ચિંતન

પ્રાણદપિ પ્રત્યયો રક્ષિતત્વઃ ।

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

પ્રાણથીયે વધુ રક્ષા વિશ્વાસની કરવી જોઈએ.

ભલે ગમે તેટલું સંકટ ભોગવવું પડે તો પણ દેશ સાથે વિશ્વાસઘાત - દેશદ્રોહ ન કરવો જોઈએ. રાષ્ટ્ર માટે ભલે આપણો પ્રાણ હોમાય પણ રાષ્ટ્ર પ્રત્યેના વિશ્વાસને અકબંધ જાળવી રાખવો જોઈએ.

આજે વિશ્વાસઘાત - દેશદ્રોહ - અમીચંદવૃત્તિ - આળશ - બેદરકારી - બેજવારદારી જીવન વ્યવહારના બધાં જ ક્ષેત્રોમાં જોવા મલે છે. નોકરી - ધંધા - ફરજ - રાજકારણ - સામાજિક કાર્યો બધામાં 'મારું શું?' ની ખાયકી વૃત્તિએ દેશનો રાષ્ટ્રનો 'નખ્ખોદ' કાઢી નાખ્યો છે.

નિષ્ઠા-વફાદારી અને સિદ્ધાંત - સત્ય - મૂલ્યનિષ્ઠાનું આચરણ જ દેશ - રાષ્ટ્રને બચાવશે.

સુવિચાર

- જેમણે તમારી મહેનત જોઈ છે, તે જ તમારી સફળતાની કિંમત જાણે છે, બીજા માટે તો તમે માત્ર નસીબદાર માણસ છો - **પ્રેમ સુમેસરા**
- વ્યક્તિએ બને એટલા શુદ્ધ અને પવિત્ર બનવાનો પ્રયત્ન કરવો, એવા બનીને સાધના કરવાથી સિદ્ધિ સહજ મળી શકે - **બોધિ વૃક્ષ**
- જયાં સંકુચિત દૃષ્ટિ ન હોય, જયાં નિઃસ્વાર્થ અને નિર્મળ પ્રેમ હોય ત્યાં અખંડ પ્રસન્નતા જોવા મળે - **અમૃતબિંદુ**
- પ્રસન્નતાથી જેટલો દૂર હોય, તે પરમેશ્વરથી પણ એટલો જ દૂર હોય - **એસ. ભટ્ટાચાર્ય**
- આત્માની પવિત્રતાને ગિરવે મૂક્યા પછી ગમે તે મળે, તેની કિંમત કોડીની પણ નથી - **ડો. પ્રણવ પંડ્યા**
- વિશ્વવિજેતા થવાની ઈચ્છા હોય તે માટેની પ્રથમ શરત એ છે કે, વ્યક્તિએ આત્મવિજેતા બનવું પડે - **રામદાસજી મહારાજ**
- આજનું ઔષધ : કાચા પપૈયાનું દૂધ ખંજવાળ વાળી જગ્યાએ લગાડવાથી ખંજવાળ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મહાન સિકંદરના મિત્રોએ એને કહેલું કે જયારે તમે હિંદુસ્તાન જીતી અને પાછા આવો ત્યારે તમારી સાથે એકાદ સાચો સંત ને લેતો આવજો. સિકંદરે સિપાઈઓને દોડાવ્યા અને કહ્યું સાચો સંત શોધી લાવો.સિપાઈઓને ગામ લોકોએ કહ્યું, નદી કિનારે એક સંત છે. પણ તમારી તલવારથી ડરીને એ તમારી સાથે નહીં આવે. સિપાઈએ સંત પાસે પહોંચીને કહ્યું, 'મહાન સિકંદરની આજ્ઞા છે તમે અમારી સાથે ચાલો.' સંતે હસતા હસતાં કહ્યું, 'જે ખુદ પોતાને મહાન કહે છે એનાથી અણસમજુ બીજો કોઈ હોઈ શકે? એનાથી વધુ પાગલ બીજો કોણ હોઈ શકે?' સિપાઈઓએ સિકંદરને વાત કરી સિકંદરે કહ્યું, 'ચાલો હું તમારી સાથે આવું છું.' સંતની ગરદન ઉપર તલવાર મૂકી સિકંદરે કહ્યું, 'આવવું છે કે ગરદન ઉડાવી દઉં?' સંતે કહ્યું, 'ઉડાવી દો ગરદન મને પણ એ જોવાની મજા આવશે, તું પણ જોતો હશે કે ગરદન અલગ થઈ ગઈ અને હું પણ જોઈશ કે ગરદન ઉડી ગઈ.' સિકંદરે આશ્ચર્ય સાથે કહ્યું, 'તું પણ જોશે ?' સંતે કહ્યું, 'હું પણ જોઈશ... કારણ કે હું કંઈ આ ગરદન નથી... જયારથી મેં આ વાત જાણી લીધી છે ત્યારથી બધી જ વાત ખતમ થઈ ગઈ છે, હવે મને કોઈ સિકંદર ડરાવી શકે તેમ નથી, તલવાર મ્યાન કરી દો, નાહક તમારો હાથ થાકી જશે.' સિકંદરના જીવનમાં આ પહેલો પ્રસંગ હતો કે કોઈના ડરથી એણે તલવાર મ્યાનમાં રાખી દીધી. કારણ કે આવી હસ્તિ જ વિરલ હતી, જેની સામે તલવાર બતાવવી એ જ મૂઢતા હતી.

'મિશન વિદ્યા' ને 'મિશન' બનાવીએ

તંત્રીસ્થાનેથી...

પાંચ પાંચ વાર નોબેલ પ્રાઈઝ માટે નોમિનેટ થયા છતાં એ શ્રેષ્ઠતા સૂચક વિશ્વ પારિતોષિક નહીં મેળવી શકેલા ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસને શિક્ષક દિન તરીકે ઊજવી આપણે શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલ સમુદાયનું ગૌરવ કરીએ છીએ. પંડિત જવાહરલાલ નહેરુનું ચાલ્યું હોત તો ડૉ. રાધાકૃષ્ણન દેશના પ્રથમ રાષ્ટ્રપતિ બની શક્યા હોત. કોંગ્રેસમાં એ જમાનામાં એકથી એક ચડિયાતા નેતાઓ હતા અને બધા એકબીજા સાથે વિચારવિમર્શ પછી પરિપક્વ નિર્ણય કરતા હતા. ડૉ. રાજેન્દ્ર પ્રસાદ વરિષ્ઠ નેતા હતા, વળી હિંદીભાષી બિહારનું પ્રતિનિધિત્વ કરતા હતા. સળંગ બે ટર્મ પૂરાં દસ વર્ષ માટે એમને રાષ્ટ્રપતિ પદ સોંપવું પડ્યું હતું અને નહેરુની પસંદગીના વિચક્ષણ ફિલસૂફ કે જેઓ તમિલભાષી હતા અને આંતરરાષ્ટ્રીય સાક્ષર તરીકેની અઢળક ખ્યાતિ ધરાવતા હતા તેવા ડૉ. રાધાકૃષ્ણનને ઉપરાષ્ટ્રપતિ તરીકે સેવાઓ આપવી પડી. આજે ડૉ. રાજેન્દ્ર પ્રસાદ લોકસ્મૃતિમાંથી ભૂંસાઈ ગયા છે અને ડૉ. રાધાકૃષ્ણનને એમની બહુમુખી પ્રતિભા તથા વિદ્યાકીય કામગીરી સંદર્ભે દર સપ્ટેમ્બરની પાંચમી તારીખે દેશ આખો ઉમળકાપૂર્વક યાદ કરે છે. શિક્ષક દિવસે શ્રેષ્ઠ શિક્ષકોને બિરદાવવાનો સરકારી ઉપક્રમ પ્રસંશનીય છે, પરંતુ શિક્ષકને એની કામગીરીને પુરસ્કૃત કરાવવા જાતે ફાઈલ મૂકવી પડે છે તે ખૂબ જ વખોડવા લાયક બાબત છે. તટસ્થ નિરીક્ષકો મારફત સરકારે આવા શ્રેષ્ઠ શિક્ષકોને ગોપનીય પદ્ધતિથી શોધી કાઢવા જોઈએ. શ્રેષ્ઠ શિક્ષક હંમેશા અંતર્મુખ હોય. એને એવોર્ડ ન ગમે એવું નહીં, પરંતુ જાતે ને જાતે એવોર્ડ માટે બાઈ બાઈ ચારણી કરવાનું એને હરગિજ ન ગમે. આથી આવા માનસન્માન સંબંધોની માયાજાળમાં અટવાઈ જતાં હોય છે અને કયારેક તો એ માટે બિલકુલ જ લાયક ન હોય એવા શિક્ષકોને એનાયત કરાય છે. પદ્મશ્રી જેવા ભારત સરકારના સન્માનમાં પણ આવા જ ખેલ ખેલાતા રહે છે. છતાં, વિદ્યાનું સન્માન કરવાની વૃત્તિ બચી છે એનું આશ્વાસન લઈએ. હમણાં છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુજરાત સરકારનો શિક્ષણ વિભાગ 'ગુણોત્સવ' ઊજવતો થયો છે. ઉત્સવ પ્રિય પ્રજાને એમાં ઉત્સવનો ઉમળકો વરતાય પરંતુ હકીકતમાં તે શાળાએ જતાં બાળકોની અને શિક્ષણકાર્ય ચકાસણીનો ઉત્સવ છે. આવા ઉત્સવો પાછળ ધૂમ ખર્ચ કરાતો હોવા છતાં એ આવકાર્ય છે. ખાસ તો હવે જયારે સરકારી શાળાઓની મથરાવટી સાવ જ મેલી બની ગઈ છે અને છેવાડાનો ગરીબ ઝૂંપડાવાસી પણ એના બાળકને ખાનગી શાળામાં જ ભણાવવાનો આગ્રહ રાખવા માંડ્યો છે. ત્યારે સરકારી શાળાઓ તથા ગ્રાન્ટેબલ સ્કૂલોમાં 'મિશન વિદ્યા' જેવા વિશિષ્ટ કાર્યક્રમ મારફત શિક્ષણ અને શિક્ષક તથા વિદ્યાર્થીની ગુણલબ્ધિ ચકાસવા તેમજ સુધારવાનો પુરુષાર્થ પણ પ્રામાણિક શિક્ષણમંત્રી અને સૌમ્ય મુખ્યમંત્રી પ્રત્યે આદરભાવ જ જગાડે. સાવ જ ઓછા ગુણ મેળવનારા બાળકને ભાષા અને ગણિત જેવા પાયાનાં વિષયો પર પાટા પર આણવાની શુભ દાનતથી આ 'મિશન વિદ્યા' કાર્યક્રમ અમલી બનાવાયો છે. એમાં પણ બધું લોલેલોલ ન ચાલે અને સરખું કામ થાય, શિક્ષકો ગંભીરતાપૂર્વક નબળાં બાળકોને અન્ય બાળકોની સરખામણીએ ઊંચકવા પ્રામાણિક પ્રયાસ કરે એ હેતુથી બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓ દ્વારા એની તટસ્થ ચકાસણી કરાવવાનો નિર્ણય લેવાયો છે. શિક્ષણક્ષેત્રે ગુજરાતમાં ઊભી તિરાડ છે. એક તરફ માલેતુજાર વર્ગ છે, જેનાં બાળકો ઊંચી ફી ભરી ફાઈવ સ્ટાર શાળાઓમાં ભણે છે. બીજી તરફ સરકારી શાળાઓમાં સાવ જ ઓછી આવક ધરાવતા ગરીબ જનસમુદાયનાં બાળકો ભણે છે - એમની હાજરી પૂરવામાં આવે, એમનાં કૌશલ્યોને ઉજાગદર કરવાના પ્રામાણિક પ્રયત્નો થાય, જરૂર પડ્યે શિક્ષક આવાં બાળકોના વાલીઓ સાથે સીધો સંવાદ કરે અને એમની ગેરહાજરી કે નબળાં પરિણામનાં ખરાં કારણ શોધી કાઢી એમનું વિશેષ ધ્યાન રાખે, તે 'મિશન વિદ્યા' નો ઉદ્દેશ છે. આશા રાખીએ કે એમાં આપણા શિક્ષણમંત્રીને ધારી સફળતા સાંપડે.

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં રસ દાખવે-એનું ઘડતર કરે તેવા શિક્ષકની તાતી જરૂર

'ચાલ, તૈયાર થઈ જા.'

'કેમ ? અટાણે કયાં ?'

'હોસ્પિટલેથી ફોન આવ્યો છે. આપણે બન્નેએ જવું પડશે.'

'શું થયું ? કોનો ફોન ? કોણ બિમાર છે ?' પત્ની હેતલે સમીરને એક સામટા પ્રશ્નો પૂછી નાખ્યા.

'સાના ને પ્રસુતિગૃહમાં દાખલ કરી છે.'વધુ ચર્ચા પછી, હમણાં આપણે નીકળીએ.

સમીર-હેતલ શિક્ષણને વરેલાં પતિ-પત્નિ.સાના સમીરની વિદ્યાર્થીની, ભણવામાં તેજસ્વી.

સમીર વર્ષોથી એક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે. ખૂબજ નિષ્ઠાવાન, મહેનતુ અને પ્રમાણિક શિક્ષક. વિદ્યાર્થીઓ સમીરને ચાહે-પ્રેમ કરે. તેની ભણાવવાની રીતિ અલગ ગતિ પણ અલગ. નવા નવા પ્રયોગો કરે. વિદ્યાર્થીઓમાં ખૂબજ પ્રિય. 'પણ તેના મા-બાપને નઈ ને આપણને કેમ ?' હેતલે સમીરને રસ્તામાં પૂછયું હતું. 'આમ, તો તેની સાસરીવાળા ને પીયરવાળા બધાં જ હાજર છે. છતાં આપણને સાનાના આગ્રહથી બોલાવ્યાં છે.'સમીરે ધીરજ પૂર્વક હેતલના પ્રશ્નનો જવાબ આપ્યો હતો. હોસ્પિટલની લોબી સાનાના સગા-વ્હાલાથી ભરાયેલી હતી. સાનાનો સાસરી પક્ષ ખૂબ માલેતુજાર હતો. સમીર-હેતલ પહોંચ્યા. ત્યાં હાજર સૌના આશ્ચર્ય અને રહસ્ય વચ્ચે બધાનાં ચહેરાની રેખાઓ ખેંચાયેલી હતી. સાનાની ફોઈજીથી બોલી જવાયુ, ''આપણી સાનાના ડિલીવરીના કેસમાં આ સાહેબને કેમ બોલાવ્યા છે ? ફોઈજીની દીકરીએ કહયું હતું,'' મમ્મી આ છે ને સમીર સર છે. બધા વિદ્યાર્થીઓના પ્રિય શિક્ષક. સાના તેમનો ખૂબ આદર કરે છે. તેઓ સાનાના મેરેજમાં પણ હાજર હતા.'' સાના અભ્યાસમાં અવ્વલ. પછી તો તે એન્જીનીયર થઈ, લગ્ન થયા પરંતુ સાહેબ પ્રત્યેની કૃતજ્ઞતા અકબંધ. દર ગુરુપૂર્ણિમાએ અચૂક ફોન આવે જ. ''નોર્મલ ડિલીવરી થઈ છે. બાળક અને માતા સ્વસ્થ છે.'' ડૉકટરે ઓ.ટી.માંથી બહાર નિકળીને જાહેરાત કરી. સૌના ચહેરા પર ખુશી ફરી વળી.

સૌના આશ્ચર્ય વચ્ચે સાનાએ સમીર સરને કહયું ''સર, મારી દીકરીના માથા પર સૌ પ્રથમ તમે બન્ને હાથ મૂકો, અને આશીર્વાદ આપો કે એ તમારા જેવી શિક્ષિકા બને. પછી જ બીજા બધા....'' સમીર સર અને હેતલબેનની આંખમાં હર્ષના આંસુ આવી ગયા. પીયરપક્ષ અને સાસરીપક્ષની હાજરીમાં આ મંગળ પ્રસંગ આકાર પામ્યો હતો. એક અનોખી રીતે થયેલું ''શિક્ષક સન્માન'' ના સૌ સાક્ષી બન્યા.દરેકની આંખો ભીંજાયેલી હતી.

સાનાના સસરાજીએ કહયું હતું, ''સમીર સર આપે સાનાને ભણાવી હશે એ ખરું પણ સાચા અર્થમાં એનું ઘડતર કર્યુ છે. અમે તો વહુ લેવા ગયેલા પણ એણે દીકરી બનીને અમારા ઘરને ઝગમગતુ કરી દીધું છે.'' સાનાનો પતિ પણ સમીર સરનો જ વિદ્યાર્થી. બન્નેને પગે લાગ્યો. હોસ્પિટલમાં એક જ ચર્ચા ચાલતી હતી. સમીરસર જેવા શિક્ષકો કેટલા ? વિદ્યાર્થીઓના આદરપાત્ર શિક્ષકો ખરેખર કરે છે શું ? માત્ર ભણાવે છે ? માત્ર અભ્યાસક્રમ પૂરો કરે છે ? માત્ર સમયસર આવે ને જાય છે ? વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં રસ દાખવે, પ્રયોગો કરે તેવા સમીર સરની દરેક શાળાને જરૂર છે. શિક્ષક ધારે તો શું કરી શકે ? (ધારે તો ?)

વિદ્યાર્થીને વાંચવા વિચારવામાં મદદ કરે.આવતી કાલના પડકારો માટે તૈયાર કરે.શિક્ષક પોતે પણ શીખતો રહે.પોતાના વિદ્યાર્થી પાસેથી પણ શીખે. છોછ ન રાખે. આજીવન વિદ્યાર્થી બની રહે.સર્જનાત્મક અને રચનાત્મક વ્યકિત તરીકેની ઓળખ ઊભી કરે.નિરાશ-હતાશ વિદ્યાર્થીઓમાં પ્રાણ પૂરે.સાંપ્રત પરિસ્થિતિ સામે લડતા અને જીવતા શીખવે.દરેક પરિસ્થિતિમાં હકારાત્મક દૃષ્ટિકોણ દાખવે અને શીખવે.વિદ્યાર્થીને ઉત્તમ નાગરિક બનાવી સમાજની બદીઓ દૂર કરે.

અદબ-પલાંઠી મોં પર આંગળી

ડૉ. સંતોષ દેવકર

મિસરી

પાંચમી સપ્ટેમ્બરનો એ દિવસ હતો.
સર્વપલ્લી રાધાકૃષ્ણને બૂમ પાડી
''અલ્યા, નાનાભાઈ, ગિજુભાઈ, તારાબેન, ડોલરરાય,
જુગતરામ, ઢેબરભાઈ, વિમળાતાઈ, હરભાઈ,
મૂળશંકર, ઉમાશંકર, મનુભાઈ, પ્ર.ચુ.વૈદ્ય, અલ્યા મોહન
કયાં ગયા બધા ?
લ્યા, કોઈ તો આવો
કોઈ તો દીપ પ્રગટાવો.
અને ત્યારથી મારા મલકમાં, મારા ગુજરાતમાં એક સાચા
શિક્ષકની શોધ ચાલી રહી છે. (સં.દે.)

santoshdevkar03@gmail.com

શિક્ષક સમાજ સેવક અને સમાજ સર્જક છે

સમાજ શિક્ષકનું સન્માન કરશે ત્યારે જ શિક્ષકો દ્વારા વિરલાઓ નું નિર્માણ શક્ય બનશે

એક સરકારી ઈજનેરી કોલેજના પ્રાધ્યાપકશ્રી ને હમણાં મળવાનું બન્યું. એમણે એક કિસ્સો વર્ણવ્યો, જે અત્રે આપ સૌને જણાવવાની ઈચ્છા થઈ છે... આમ તો સરકારી કોલેજમાં આવતા વિદ્યાર્થીઓ સાથે પ્રોફેસર્સને હાજરી બાબતે શાળા જેવી લેવા દેવા નથી હોતી, પરંતુ અમુક ફરજીયાત હાજરીવાળા વર્ગો માટે વિદ્યાર્થીઓનું ધ્યાન દોરવામાં આવતું હોય છે. એવા એક વર્ગમાં ફરજ પ્રત્યે ગંભીર અને યુવાપેઢીના શુભચિંતક પ્રાધ્યાપકશ્રીએ લાંબા સમયથી ગેરહાજર રહેતા વિદ્યાર્થીને ટકોરી એના પિતાશ્રીને ફોન કરવાની તક લીધી અને તેમના સંતાનની અનિયમિતતા વિશે જણાવ્યું. સામાન્ય રીતે વાલી આ સાંભળી ને ચિંતા અનુભવે અને ઘટતું કરવાની ખાત્રી આપે, માફી માંગે, અહી તદ્દન ઊલટું જ બન્યું. ફોન કરનાર પ્રોફેસરશ્રીને ઠપકાનો ભોગ બનવાનું થયું. બીજી એક જાણીતી શાળાના શિક્ષકે ખેદ સાથે જણાવ્યું કે હવે વિદ્યાર્થી તરફથી સન્માનની અપેક્ષા તો દૂર અમારે એમનાથી ડરવાના દિવસો આવી ગયા છે. કેવી વસમી વાસ્તવિકતા !!!

બીજી તરફ આપણી વચ્ચે સુરેશભાઈ ભટ્ટ જેવા અનેક જૂના શિક્ષકો હજુ હયાત છે. વર્ષો વીતવા છતાં દેશ – વિદેશમાં વસેલા એમના વિદ્યાર્થીઓ એમને સંભારે છે... એમનું ઋણ સ્વિકાર કરે છે... સન્માન આપે છે. આપણે ગઈકાલે શિક્ષક દિન ઉજવ્યો છે. છેલ્લા પંદર દિવસથી પુરસ્કાર માટે પસંદગી પામેલાં શિક્ષકો વિશે સમાચાર પત્રોમાં વાંચવા મળ્યું. એમની શિક્ષણ અને વિદ્યાર્થીઓ પ્રત્યેની નિષ્ઠા વિશે વાંચીને આનંદ અનુભવાયો. રાષ્ટ્રના શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડ માટે પસંદગી પામેલા જૂનાગઢના બરવાળાની માધ્યમિક શાળાનાં શિક્ષક નાની જગ્યા પર રહીને પણ ડિજીટલ શિક્ષણ પર ભાર મૂકી અદ્યતન રીતે વિદ્યાર્થીઓ, યુવાઓ અને શિક્ષકોની, મદદ અને વિકાસનું વિશિષ્ટ કામ કરી રહ્યાં છે. અત્યાર સુધી ચૌદ કરતાં પણ વધુ એવોર્ડસ્ તેઓ મેળવી ચૂક્યા છે. એવાજ બીજા એવાર્ડ વિજેતા ગોધરાના નવા નદીસરની પ્રાથમિક શાળાના યુવા શિક્ષક, કે જેઓ તેમના 'મસ્તી કી પાઠશાલા' ભાર વિનાના ભણતરનાં અવનવા પ્રયોગોમાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને ગામલોકોમાં લોકપ્રિય છે. ગાંધીનગર જીલ્લાનાં અન્ય બે શિક્ષકો પણ આ સન્માનના હક્કદાર બન્યા છે. આ સહુ શિક્ષકોને શિક્ષક દિને આ કોલમ દ્વારા વંદન પાઠવતાં આનંદ અને ગર્વની લાગણી અનુભવાય છે.



અબીલ-ગુલાલ

મમતા રાવલ

આપણું ગાંધીનગર અનેક શાળા, મહાશાળા, વિદ્યાસંકુલોથી ધમધમતું વિદ્યાનગર બની રહ્યું છે. અહીં આવેલું કડી શિક્ષણ સંકુલ અનેક શિક્ષણ સંસ્થાનો દ્વારા ઉમદા હેતુ અને ઉમદા પધ્ધતિથી શિક્ષણ જગતમાં કાર્યશીલ છે. અનેક અદ્યતન પ્રયોગો સાથે મૂળભૂત સંસ્કારલક્ષી શિક્ષણને કેન્દ્રમાં રાખી ને શિક્ષણ સંચાલકો ઉત્તમ પ્રયાસો અને અથાગ મહેનતથી મોટી સમાજ સેવા કરે છે. એવું કહી શકાય કે અહીં માત્ર વિદ્યાર્થીઓ જ નહીં ઉત્તમ શિક્ષકો પણ તૈયાર થાય છે. હમણાંજ એક વક્તૃત્વ સ્પર્ધાના નિર્ણાયક તરીકે જવાની તક સાંપડી, વિષય હતો '' રાષ્ટ્ર નિર્માણમાં શિક્ષકોનો ફાળો. '' વિદ્યાર્થીઓ દ્વારા થયેલ સુંદર રજૂઆતમાં સમાજમાં શિક્ષકોના સન્માન અને એમની પાસેથી સમાજની અપેક્ષાની, હાલની અને ઈતિહાસની ઘણી પ્રેરણાદાયી વાતોનો ઉલ્લેખ હતો. ચાણક્યનું પ્રસિધ્ધ વાક્ય... ''શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈ.'' શિક્ષક વંદનીય છે, માર્ગદર્શક છે, એમના વિશે વાત કરવી એ સૂરજને અરીસો બતાવવા જેવું કાર્ય છે. આથી અત્રે સ્પર્ધાના વક્તવ્યોના થોડા અંશો અહીં મુકું છું. જે આજના સમયમાં ફરી દોહરાવવા યોગ્ય છે.

શિક્ષકની પરિભાષા કરતાં કહેવાયું કે...

''દ્રોણ વગરનો અર્જુન, પરશુરામ વિનાના ભીષ્મ, સાંદીપનિ વિનાના શ્રીકૃષ્ણ, વિશ્વામિત્ર વિનાના શ્રીરામ, ગુરૂ રામદાસ વિનાના શિવાજીની કલ્પના શક્ય નથી'' ઈતિહાસ આપણને આ સંદેશ આપે છે.''

''સંત હોય કે, રાષ્ટ્રકવિ ટાગોર હોય કે તિલક જેવા દેશ નેતા,વિકાસ પુરુષ હોય કે લોહ પુરુષ,કલ્પના ચાવલા હોય કે મિસાઈલ મેન ડો.અબ્દુલ કલામ,સચિન તેડુંલકર હોય કે બોર્ડમાં પ્રથમ નંબર લાવનાર વિદ્યાર્થી...તેમના જીવન ઘડતરના પાયાનો પથ્થર કોઈ શ્રેષ્ઠ શિક્ષક જ હશે''

શિક્ષક પાસેની અપેક્ષા અભિવ્યક્તિ પણ અસરકારક શબ્દોમાં કરવામાં આવી...

"Education is not to pour in, but to draw out" અર્થાત્ શિક્ષણ એ સુષુપ્ત શક્તિઓને ખીલવવાની પ્રક્રિયા છે. જે શિક્ષક દ્વારા જ શક્ય છે.

''શિક્ષક જયારે પોતાની જવાબદારીમાં ઊણો ઊતરે છે. ત્યારે દેશનો યુવાન કાશ્મીરમાં પથ્થરબાજી કરતો દેખાય છે,આસામમાં માઓવાદી અને ઝારખંડમાં નકસલવાદી સ્વરૂપે દેખાય છે''

''સ્વામી વિવેકાનંદની પરિકલ્પના મુજબનો યુવાન તૈયાર કરવો શિક્ષકના હાથમાં છે. એમણે કહ્યું હતું , **"Give me hundred Nachiketas, And I will change the world."**...

''જયારે જયારે શિક્ષકે હાર સ્વિકારી છે ત્યારે ત્યારે દેશનો સર્વનાશ થયો છે''

આ વાંચીને આપ સૌના મનમાં પણ પોતાના સંસ્મરણો જીવંત થઈ ગયા હશે. શિક્ષક કાયમ વિદ્યાર્થીના કોરી સ્લેટ જેવા મન પર જીવનભર ન ભૂંસાય એવી છાપ અંકિત કરે છે. અનેક સુંદર ફિલ્મો દ્વારા શિક્ષકની ભૂમિકાનું મહત્ત્વ ચિત્રાંકીત કરાયું છે. થોડા સમય પહેલા આવેલી ફિલ્મ 'તારે જમીં પર' એનું ઉત્તમ ઉદાહરણ છે. ભગવાન શ્રીકૃષ્ણની પણ ઉત્તમ શિક્ષક અને માર્ગદર્શકની ભૂમિકા આપણે સૌ જાણીએ જ છીએ.

અનેક કાયદાના બંધનો, કામના ભારણ અને ટેકનોલોજીના પડકારો થકી શિક્ષકની ભૂમિકા થોડી અઘરી બની છે. એમાં પણ જયારે સમાજ અને શિક્ષણ સંચાલકો તરફથી શિક્ષકના સન્માન પર પ્રહાર થાય ત્યારે શિક્ષકનું ગૌરવ હણાય છે. એ નિસ્તેજતા અનુભવે છે, અને સમાજની અપેક્ષામાં ઊણા ઊતરવાની ઘટનાઓ બને છે. પરિવાર અને સમાજમાં શિક્ષકને પ્રથમ હરોળના સન્માનનીય નાગરિકની માન્યતા પ્રાપ્ત હશે ત્યારે જ શિક્ષક દ્વારા, ઈતિહાસ જેવા વિરલાઓનું નિર્માણ શક્ય બનશે. શિક્ષકત્ત્વ પણ અન્ય વ્યવસાયોની જેમ એક વ્યવસાય અને આજીવિકાનું સાધન માત્ર બની રહ્યું છે, ત્યારે સમાજના હિતચિંતકોએ ગંભીરતાથી વિચારવાની તાતી જરૂર છે. શ્રી ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં ઉજવાતો શિક્ષકદિન માત્ર એક પ્રોટોકોલમાં સંપૂર્ણ રીતે પરિવર્તિત થઈ જાય એ પહેલાં વાલીઓ, પરિવારો અને સમાજ દ્વારા શિક્ષકના દરજ્જાને નવાજવાનો આરંભ થવો જરૂરી છે.

સામે પક્ષે શિક્ષકે પણ સમાજ સેવક અને સમાજ સર્જક તરીકેની પોતાની ભૂમિકાને સમજી એ મુજબ વર્તવું આવશ્યક છે. અવારનવાર સમાચાર પત્રોમાં ચમકતા શિક્ષક દ્વારા થતાં હેવાનિયત ભરેલા કૃત્યો સમાજની નૈતિકતાના પાયામાં ભૂકંપ પ્રેરનારા બને છે. સ્વસ્થ અને તંદુરસ્ત સમાજના નિર્માણમાં માતા - પિતા સમાન શિક્ષક અને શિક્ષક સમાન માતા - પિતાની સક્રિય ભૂમિકા સુંદર પરિણામો સર્જી શકે. માતા - પિતા દ્વારા શિક્ષકનો આદર એ કદાચ આજના સમયની તાતી જરૂરિયાત છે. કોઠારી કમિશનનું વાક્ય જે સનાતન સત્ય છે. ''ભારતનું ભાવિ તેના વર્ગખંડમાં ઘડાઈ રહ્યું છે''. સૌ ઘડવૈયાઓને પ્રણામ.

''શ્રી ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં ઉજવાતો શિક્ષકદિન માત્ર એક પ્રોટોકોલમાં સંપૂર્ણ રીતે પરિવર્તિત થઇ જાય એ પહેલાં વાલીઓ, પરિવારો અને સમાજ દ્વારા શિક્ષકના દરજ્જાને નવાજવાનો આરંભ થવો જરૂરી છે. સામે પક્ષે શિક્ષકે પણ સમાજ સેવક અને સમાજ સર્જક તરીકેની પોતાની ભૂમિકાને સમજી એ મુજબ વર્તવું આવશ્યક છે. અવારનવાર સમાચારપત્રોમાં ચમકતા શિક્ષક દ્વારા થતાં હેવાનિયત ભરેલા કૃત્યો સમાજની નૈતિકતાના પાયામાં ભૂકંપ પ્રેરનારા બને છે. સ્વસ્થ અને તંદુરસ્ત સમાજના નિર્માણમાં માતા - પિતા સમાન શિક્ષક અને શિક્ષક સમાન માતા - પિતાની સક્રિય ભૂમિકા સુંદર પરિણામો સર્જી શકે. માતા - પિતા દ્વારા શિક્ષકનો આદર એ કદાચ આજના સમયની તાતી જરૂરિયાત છે.''

રજા રજામાં ફેર છે ભાઈ!

સરકારી કર્મચારીના હાથમાં જેવું નવા વર્ષનું કેલેંડર આવે કે તરત તે એમાં કેટલી રજાઓ આવે છે તે જોવા માંડે છે. તેમાં લાલ આંકડા કેટલા છે અને એક જ સીએલ લેવાથી કેવી રીતે ત્રણચાર રજાનો મેળ પડી જાય છે તે શોધવા લાગે છે. ભલે કદી સરકારની રજા પ્રવાસ રાહત યોજનાનો લાભ લીધો ના હોય છતાં પેલા ત્રણચાર દિવસના પ્રવાસનું આયોજન વિચારી રાખે છે. થોડીવાર પછી કયા કયા તહેવારો રવિવારની રજામાં આવવાના કારણે કેટલી રજાનું ચોખ્ખું નુકસાન થાય છે તે શોધવાનું શરુ કરે છે. એમાં જો કોઈ બકરી ઈદના દિવસે થોડીક આઘાપછી થવાથી બેત્રણ રજાનો લાભ મળી શકે તેમ હોય તો તે અત્યારથી ચંદ્રદેવને તે મુજબ વહેલા કે મોડા ઉગવાની પ્રાર્થના કરવા માંડે છે. આમ ભલે તે ગમે તે ધર્મમાં માનતો હોય પરંતુ તે રજાની બાબતમાં પૂરેપૂરો બિનસાંપ્રદાયિક બની જાય છે. દરેક ધર્મની રજા તે હોંશે હોશે માણે છે. પતેતી કે ઈદે મિલાદ જેવી રજાઓની ઘણાને ખબર હોતી નથી પરંતુ અમારો સરકારી કર્મચારી તેમાં કદી ભૂલચૂક કરતો નથી. આવી રજાઓમાં સમય કેવી રીતે પસાર થશે તેવો એને કદી પણ વિચાર આવતો નથી. સમય પસાર કરવાનો પ્રશ્ન તો નિવૃત્તિ નજીક આવે ત્યારે જ ઉપસ્થિત થાય છે. બાકી તો કશુંયે કામ ના હોય તો ત્રણ ચાર પાંચ કલાક નિરાંતે ઊંઘવાનું કામ અમારું મનગમતું કામ છે.

મનના ઉમંગો

રણછોડ પરમાર

આમ અમારો સરકારી કર્મચારી પૂરેપૂરો રજાપ્રેમી હોય છે.

પરંતુ જ્યાં કોઈ બીજાની રજાનો સવાલ ઊભો થાય છે કે તરત એની માંહે બેઠેલો ઉધ્યમપ્રેમી ભારતીય જન ઊભો થઈ જાય છે. એનું મન કચવાવા લાગે છે.'' આમ ગમે ત્યારે થોડી રજા પડાય ? '' એવું એ પૂછ્યા વગર રહી શકતો નથી. દા.ત. તમારા ઘેર કચરાપોતાં કરવા આવનાર બહેન અથવા વાસણ માંજવા આવનાર ભાઈ, સમી સાંજે તમે ચા પીને વરિયાળી ચાવતાં બેઠા હોવ અને આવીને કહે કે સાહેબ હું કાલે રજા રાખવાની કે રાખવાનો છું , એટલે તરત પ્રતિક્ષિપ્ત ક્રિયાની જેમ પેલો સવાલ તમારા હોઠેથી સરી પડવાનો કે, '' આમ ગમે ત્યારે થોડી રજા પડાય ? હજી પંદર દિવસ પહેલા પણ તે બે રજા પાડી દીધેલી. એક તો મોટો તહેવાર અને મહેમાનોના ધાડા એમાં તમારી રજા પડે પછી અમારે શું કરવાનું ? '' આ વાતચીત દરમ્યાન જો કોઈ પાડોશી હાજર થઈ જાય તો,'' આતો ઠીક છે , અમે તમારી રજાના પૈસા કાપતા નથી. પણ જો દરેક રજાના પૈસા કાપી લઈએ તો તમારું શું થાય ? '' પાડોશી વળી તરત ટાપશી પુરાવે, '' અરે ભાઈ રોટલા ય ભારે પડી જાય, હા. આ તો ઠીક છે આપણે એટલા ભૂંડા થતા નથી અને એનો જ તો આ લોકો લાભ ઉઠાવે છે ને ?'' તમે ગમે તેટલા કચવાવ પણ રજા આપ્યા વગર છૂટકો હોતો નથી અને મનમાં ને મનમાં ધૂંધવાવા સિવાય બીજો રસ્તો હોતો નથી.

અનુસંધાન પાના નં ૭ પર

થોડાં શમણાંની સોબત રાખું છું, જતું કરી જીવતરની ઈજ્જત રાખું છું

પૂર ઝડપે દોડી રહેલી મોટરબાઈલ પાછળ એક વાક્ય લખેલું હતું : 'કિસે અપના કહું?'

સાચે જ 'કોને પોતીકા કહેવા' એ એક મુંઝવતો સવાલ છે. વ્યક્તિ પોતીકા સ્વજનોથી જેટલો હેરાન થયો છે એટલો પારકાથી થયો નથી.

આજના બુદ્ધિવાદી અને તાર્કિક જમાનાએ સંવેદનાનો શૂન્યાવકાશ સર્જ્યો છે. ભાઈઓ -ભાઈઓ વચ્ચે બાપે માર્યા વેર બંધાઈ જાય. અરે, ઘરમાંય વાત વાતમાં વાંકુ પડી જાય.... કયારેક તથ્યહીન વાતને અવળો વળ ચડી જાય ને વર્ષોનો સંબંધ ધોવાઈ જાય... ચોવીસ કલાક ભેગા બેસનારાઓ વચ્ચે નજીવી વાત થકી જોજનો છેટું થઈ જાય.. દોસ્તો, મા-બાપ, ગામ, પરિવાર, પતિ-પત્ની, સંતાન, સ્વજનો આ સઘળું માગ્યા મુજબ મળ્યા નથી. ઈશ્વર દત્ત છે. આપણી પસંદગી મુજબ મળ્યા નથી... મળ્યા તે મા-બાપ, મળ્યા તે પરિવાર. જે કંઈ પ્રાપ્ત થયું છે તે ઋણાનુબંધ થકી મળ્યું છે. આખરે તો આ મનુષ્ય અવતાર અન્યોન્યનું ઋણ ફેડવા મળ્યો છે. ઋણ ફેડવું અને ભાવનાત્મક થવું એ એક ઈષ્ટ કર્મ છે. પરમાર્થ માટે જ મનુષ્ય જન્મ સાંપડ્યો છે પરંતુ કમનસીબી એ છે કે માણસ 'અર્થ' (ધન) ને 'પરમ' માની જીવી રહ્યો છે.

'મળ્યું છે અમૂલું આ, માનવજીવન...
ગીતા કહે છે ગોવિંદની...'

લાગણીનો મેળો

રસિક વાળંદ

અમૂલ્ય એવો મનખા અવતાર એકબીજાને ગમતાં થવા મળ્યો છે, પરંતુ કરુણતા એ છે કે 'વ્હાલાં' થવાને બદલે 'વેરી' બનીએ છીએ. સ્નેહના ઊંજણના અભાવે પરિવારોમાં ઘર્ષણનો કકળાટ સંભળાય છે. આપણે પંખીઓ પાસેથી પણ કશું જ શીખતા નથી. ચકલો અને ચકલી પોતાના ગમતા તણખલાં શોધી લાવીને મનગમતો માળો રચે છે. આપણે હુંસાતુંસીમાંથી ઊંચા આવતા નથી... વૈચારિક કજોડાપણું તો રહેવાનું જ... સમજદારી અને જવાબદારી દાખવી જીવવામાં જ ખરી ખાનદાની છે. મિત્રો, અમેરિકાના પ્રમુખ અબ્રાહ્મ લિંકનની પત્ની મેરી લિંકનથી તદ્દન ભિન્ન સ્વભાવની હતી. લિંકન સ્વાવલંબી, સંતોષી, પરગજુ અને નિઃસ્વાર્થ હતા. જયારે મેરી એમનાથી તદન સામા છેડાનો સ્વભાવ ધરાવતાં હતા. ઉદાર લિંકન ફંડફાળો ઉઘરાવનારને કયારેક ખાલી હાથે જવા દેતા નહીં. અને મેરીથી આ સેહેજેય સહન થતું નહીં, મેરી વારંવાર ખૂબ ગુસ્સે થતી કયારેક લિંકન એટલો બધો ત્રાસ અનુભવતા કે તેઓ ઘરની બહાર નીકળીને ઑફિસમાં જઈને બેસી રહેતા, આમ છતાં લિંકને કયારેક કોઈની સામે એણના દાંપત્યજીવન અંગે ફરિયાદ કરી નથી. એ બધું મૂગું મોઢે સહન કરતા રહ્યા અને પોતાના સિદ્ધાંતમાં અડગ રહીને ધ્યેય સિદ્ધિ માટે પુરુષાર્થ કરતા રહ્યા.

પ્રાપ્ત પરિસ્થિતિથી અકળાવવાને બદલે આનંદભેર સ્વીકાર કરવાની મનોવૃત્તિ કેળવવી જોઈએ. જિંદગી ઈશ્વરે આપેલું સંપેતરું છે. એને સવાયું કરીએ. વાંધા વચકા છોડી ભળવા અને ભાવતા થઈએ. ઘર આંગણે પ્રાતઃકાળે ખીલતા પુષ્પો આપણને ટકોરે છે, 'ખીલતાં અને ખુલતાં શીખો.' ઈશ્વર નિર્મિત પ્રત્યેક વસ્તુ શ્રેષ્ઠ છે અને અનન્ય છે. સર્વનો સ્વીકાર કરીએ. ઈશ્વરની યોજના અપરંપાર છે. આપણે પણ ઈશ્વરી યોજનાના એક ભાગ છીએ. આપણે આપણા માનવીય કર્મો થકી એક અને અનન્ય બનીએ, શ્રેષ્ઠ બનીએ એમાં જ માનવ્યની શોભા છે!!

સ્પર્શમણિ

અનુકૂળ સંજોગોમાં જીવતો માણસ સુખી છે... પણ સંજોગોને અનુકૂળ બનાવીને જીવતો માણસ પરમ સુખી છે.

આખી દુનિયા ફરીને માણસ ઘરે આવે એટલે એનો આખો થાક ઉતરી જાય છે સાહેબ.... પણ જે માણસ ઘરમાં થાકે એ એનો થાક આખીય દુનિયામાં કયાંક ના ઉતરે.

માણસ પાસે જયારે બહુ રૂપિયો થઈ જાય ત્યારે... માણસ બહુરૂપિયો થઈ જાય છે.

સાવ ડફોળના દાખલા સાચા પડે અને ભલભલા બુદ્ધિશાળીના ગણિત ખોટા પડે એનું નામ 'જિંદગી'

- rasikvaland1965@gmail.com